જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૫/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૫૮/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭ બિયર ટીન અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૫૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની કલમનો ઉમેરોઃ-** **સમાચાર યાદી નં.૯૬૦/૧૬**

**અમરાઇવાડીઃ** સમ્પતીબહેન રાધેશ્યામ ખટીક (રહે. મથુર માસ્તર એસ્ટેટ નંબર-૨ નાગરવેલ હનુમાન અમરાઇવાડી) એ તા.૧૮/૫/૧૬ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી હતી કે તા.૧૭/૫/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતા આરોપી (૧) રાકેશ ઉર્ફે ટીનો ભવરલાલ ખટીકે પોતાના પુત્ર નરેશભાઇ (ઉ.વ.૨૬) ને તમે મારી શુ વાતો કરો છો તેમ કહી બીભત્સ ગાળો બોલી છરી વડે પેટના ડાબા પડખાના ભાગે ઘા મારી જીવલેણ ગંભીર ઇજા કરી હતી. સીવીલ હોસ્પીટલ ખાતે સારવાર દરમ્યાન તા.૨૩/૫/૧૬ નારોજ નરેશનુ મૃત્યુ નિપજતા અમરાઈવાડી પોલીસે ખુનની કલમનો ઉમેરો કરી આરોપીની ધરપકડ કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી ઓ.એમ.દેસાઇ ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૬૧/૧૬**

**નારણપુરાઃ** હેતલબહેન રાજેન્દ્રકુમાર ભટ્ટ (રહે.લકી એપાર્ટમેન્ટ નારણપુરા) એ તા.૨૩/૫/૧૬ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૫/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની ભત્રીજી ફોરમબહેન (ઉ.વ.૧૪) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી એલ સોલંકી ચલાવે છે.

**નરોડાઃ (૧)** ઘનશ્યામભાઈ બાબુરાવ કદમ (રહે.પાયલનગર નરોડા) એ તા.૨૩/૫/૧૬ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૫/૧૬ કલાક ૮/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર રૂતિક (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર બી રાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

(૨) હિરલબહેન નાગજીભાઈ ઠાકોર (ઉ.વ.૧૪) (રહે.બાપુપુરા રમેશ વેલાભાઈ ચૌધરીના ફાર્મમાં) ને તા.૨૩/૫/૧૬ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે નરોડા કૈલાસ રોયલ ફ્લેટ નાનાચિલોડા રીંગરોડ નજીકથી આરોપી આકાશ મધુકર નિતોની (રહે. બાહમાણીવાડી તાલુકો કારજા જીલ્લો વરધા મહારાષ્ટ્ર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ હિરલબહેનના પિતા નાગજીભાઈ ઠાકોરે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર બી રાણા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૯૬૨/૧૬**

**મણીનગરઃ** મિલાપભાઈ નિરંજનભાઈ દવે (રહે.અક્ષરભુવન પ્રાણકુંજ સોસાયતી મણીનગર) એ તા.૨૩/૫/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૫/૧૬ કલાક ૯/૦૦ થી તા.૨૨/૫/૧૬ કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની બારીનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોનાના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪૭,૩૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી એસ ખરાડી ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૬૩/૧૬**

**માધવપુરાઃ** પદ્માબહેન સુરેશભાઈ પરમાર (ઉ.વ.૪૦)(રહે.કમુમિયાની ચાલી શાહપુર દરવાજા બહાર) તા.૨૨/૫/૧૬ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે દિવેટીયા પ્રાયમસ ઉપર પાણી ગરમ કરી ફુંક મારી પ્રાયમસ ઓલવવા જતા પ્રાયમસમાં ભડકો થતા દાઝી ગયા હતા. સારવાર માટે વા.સા. હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૫/૧૬ કલાક ૪/૪૦ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન એન રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૬૪/૧૬**

**સાબરમતીઃ** વિનોદભાઈ નાન્હાલાલ ચૌહાણ (ઉ.વ.૪૫)(રહે.આદર્શ સ્કૂલની પાસે આઠ ઓરડીની ચાલી જવાહર ચોક સાબરમતી) એ બિમારીથી કંટાળી તા.૨૩/૫/૧૬ નારોજ પોતાના ઘરે છતની પાઇપ સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઈ માનસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)